**માતરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેશ્રીની કોર્ટ સમક્ષ, મુ.માતર.**

**ક્રિમીનલ કેસ નં.૧૨૫૬–૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી – શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી –** ખોડાભાઈ ઉર્ફે ભરતભાઈ કુલાભાઈ પરમાર

**ગુનો:ગુજરાત પ્રોહિ.એકટની કલમ–૬૫(એ)(એ),૯૮(૨),૧૧૬(બી) મુજબ**

**– : : ચૂકા દો : : –**

(૧)ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ), ૯૮(૨), ૧૧૬(બી) મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી છે. આ ફરીયાદ સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ), ૯૮(૨), ૧૧૬(બી) મુજબ શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ થતાં આરોપીને આ ગુનાની કાર્યવાહીના કામે હાજર રહેવા પ્રોસેસ કરતાં આરોપી આજ રોજ અદાલતની ખાસ બેઠકમાં હાજર થયેલા છે.

(૨) હાલની ફરિયાદના કામે આરોપીએ હાજર થઈ, આરોપી વિરુધ્ધ તહોમતનામુ ઘડી, આરોપીની આ ગુના સંદર્ભે પ્લી નોંધતાં આરોપીને આ ગુનો કબુલ હોવાનું આરોપી જણાવે છે. ત્યારબાદ ગુનો કબુલ કરવાની લેખિત પુરસીસ આપેલ છે. આરોપીની ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતાં આરોપી તરફે એવી રજુઆત છે કે, તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને તેમની સામે આવા ગુનાની પ્રથમ ફરીયાદ છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમનાં કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તે તેમના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપીને કોર્ટ કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માંગે છે અને સાથે સાથે રજુઆત કરેલ છે કે, તેઓ તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેથી જો તેમને જેલની સજા કરવામાં આવે તો તેમના કટુંબના ભરણપોષણ ઉપર અસર થાય તેમ છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય માત્ર દંડ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ લેતાં, તેમાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનું જણાઈ આવતું હોય, રેકર્ડ, આરોપીની કબુલાત પુરસીશમાં

જણાવેલ કારણો ધ્યાને લેતાં  તથા આરોપીએ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તથા આ પ્રકારના કેસોનો કોર્ટમાં થયેલ ભરાવો ધ્યાને લેતાં આ કેસ ચાલી જતા સમય લાગે તેમ હોય અને આ કેસ ચાલતા દરમિયાન આરોપીએ કોર્ટમાં હાજર રહેવા તેમનો કામ ધંધો છોડીને આવવું પડે તેમ હોવાનું ધ્યાને લેતાં અને આરોપીની કૌટુંબીક પરિસ્થિતિ અને સામાજિક સંજોગો ધ્યાને લેતાં તથા આ કેસના સંજોગો ધ્યાને લેતાં તથા આરોપી સામે અગાઉ અન્ય કોઈ ગુનો નોંધાયેલ હોવાનું ચાર્જશીટના કાગળો જોતાં  જણાતું ના હોય અને આરોપી પાસેથી કબજે થયેલ મુદ્દામાલનો જથ્થો ધ્યાને લેતાં હાલના કેસમાં આરોપીને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વાજબી સંજોગો રહેલા હોય**, નામ.ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ૨૦૦૫ (૧)જી. એલ.આર.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ''ગુજરાત રાજય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર**''ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : <u>આ ખ રી</u> <u>હુ ક મ</u> : : –**

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.–૨૬૪ અન્વયે, ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૫(એ)(એ), ૯૮(૨), ૧૧૬(બી) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને રૂા.૧૦૦/– નો દંડ ફરમાવવામાં આવે છે અને દંડની રકમ ન ભરે તો દિન–૦૨ (બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે મુદામાલ વાહન તથા મોબાઈલ અંગે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવામાં આવે છે, અન્યથા અપીલ સમય વિત્યે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ અન્ય બીનકિંમતી મુદામાલનો નિમયમાનુસાર નાશ કરવો.

હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬ **(નરેન્દ્રકુમાર)**

માતર. **જયુડી. મેજી. ફ.ક., માતર.**

જી.જે.૦૧૪૪૦